અપીલ અરજી નં.૪૪૫ તા.૨૦–૩–૧૦

અરજદારઃ– શ્રી પટેલ જશવંતભાઈ ડાહયાભાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પટેલ જશવંતભાઈ ડાહયાભાઈની તા.૨૮–૧–૧૦ ની અરજીથી મોજે વરીયાવ હાલ સુરત મહાનગરપાલિકામાં સમાવેશ અમારા ખેતરો આવેલ છે. અગાઉ ગ્રામ પં. હતી ત્યારે ખેતરોના જાહેર રસ્તાઓ ગ્રા.પં.,તા.પં., જી.પં. વિગેરે બનાવતા હતા. જેથી ખેતરોનો (શેરડી તથા અન્ય પાક) ખેડુતો સરળતાથી પરીવહન કરતા હતા. જયારથી વરીયાવ ગામનો સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થયો ત્યારથી ખેતરોના રસ્તાઓ બિલકુલ બિસ્માર હાલતમાં છે. દા.ત. મોજે વરીયાવના કંતારા, સાંધિયેર ,બોરીતલાવડી થી કોસમ ગામના રામકુંડ (જે સુરત મહાનગરપાલિકામાં આવેલ છે.) તેવા રસ્તાઓ બિલકુલ બિસ્માર હાલતમાં છે. આ ખેતરોના રસ્તા બાબતે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓને રજુઆત કરતા તેઓશ્રીએ ટી.પી.સ્કીમ બન્યા બાદ બનાવવામાં આવશે એવો જવાબ આપેલ છે. ટી.પી. હજુ ૧૦ વર્ષે પણ બને એમ નથી. તો હમોખેડુતોએ ટી.પી. ના રસ્તા બને ત્યાં સુધી રાહ જોવાની?સુરત મહાનગરપાલિકા તાત્કાલીક ખેતરોના જે રસ્તાઓ છે તે બનાવવા માંગે છે કે કેમ? વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૫/૨૦૦૯–૧૦

શ્રી પટેલ જશવંતભાઈ ડાહયાભાઈની તા.૨૮–૧–૧૦ની અરજી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૭૨૮ તા.૨૩–૨–૧૦ થી આપેલ માહિતી અસ્પષ્ટ, સમજાય નહીં એવી તથા સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા જાહેર માહિતી અધિકારીની કચેરી કક્ષાએથી સ્થાનિક રસ્તાનો કબ્જો મેળવેલ દફતર તલાટી રેકર્ડ મુજબ નિર્દિષ્ટ વિસ્તારમાં રસ્તો છે કે કેમ? તેની આધાર સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૫ તા.૩૦–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં ૨૪ તા.૭–૪–૧૦ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૮–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૨૮ તા.૨૩–૨–૧૦ થી અરજદારને "સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાથમિક સુવિધા અન્વયે રસ્તા, પાણી, ગટર, લાઈટ વિગેરેની કામગીરી અગ્રીમતાના ધોરણે હાથ ધરવામાં આવે છે. જેમાં રહેણાંક મકાનો , વસ્તીનું પ્રમાણ, અંડર ગ્રાઉન્ડ યુટીલીટી સર્વીસ વિગેરે બાબતો ધ્યાને રાખી નવા રસ્તાની કામગીરી થાય છે. વધુમાં નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ કોસમ શેગવા મેઈન રોડથી કંટાળા ગામ તરફ જતાં તેમજ સાંધિયેર ગામ તરફથી જતાં રસ્તાની મેટલ ગ્રાઉન્ટીંગની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહુ નવા સમાવિષ્ટ વિસ્તાર વરીયાવની ટીપી સ્કીમ ફાયનલ થયેલ નથી તથા રસ્તાઓની જગ્યા અંગેના કબ્જા મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જેથી સદરહુ કબ્જા સુરત મહાનગરપાલિકાને સુપ્રત કર્યેથી પ્રાયોરીટીના ધોરણે રસ્તાઓ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ મળેલો જવાબ અસ્પષ્ટ અને સમજાય એવો નથી ચીલાચાલુ અને સંતોષ થાય તેવો નથી તેવું જણાવી તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કોઈ અસ્પષ્ટ કે સંતોષ બાબતે આધાર રજુ કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી " ઝોન કચેરીએ ઉપલબધ રેકર્ડ ચકાસણી કરતાં સ્થાનિક રસ્તાનો કબ્જો મેળવેલ હોવાનું જણાતું નથી. " તેવી વિગતો અપીલ તબકકે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધ્કિારીએ પૂરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૮–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પટેલ જશવંતભાઈ ડાહયાભાઈ